# એક હજાર વર્ષ પછી આજે પણ સૂરજ ઊગે છે

મહેસાણા જિલ્લાના મોઢેરામાં આવેલું સૂર્યમંદિર આ વર્ષે એક હજાર વર્ષ પૂરાં કરી રહ્યું છે. સામાન્ય રીતે આવા પ્રસંગોએ આપણે કોઈ સ્મારકની ઉંમર, તેની ભવ્ય સ્થાપત્યકલા અને તેના ઐતિહાસિક મહત્ત્વની ચર્ચા કરીએ છીએ. પરંતુ મોઢેરાના કિસ્સામાં એક હજાર વર્ષ પૂરાં થવાની ઘટના માત્ર ભૂતકાળને યાદ કરવાનો પ્રસંગ નથી. તે એક એવી સંસ્કૃતિને સમજવાનો અવસર પણ છે, જેણે લગભગ એક હજાર વર્ષ પહેલાં સૂર્ય, જળ, સ્થાપત્ય, ગણિત, કલા અને ધાર્મિક માન્યતાઓને એક જ તાંતણે એવી રીતે સાંકળ્યાં હતાં કે આજે પણ તેની સામે ઊભા રહીને આપણે આપણા સમય અને આપણી પ્રાથમિકતાઓ વિશે કેટલાક મૂળભૂત પ્રશ્નો પૂછી શકીએ છીએ.

સૂર્યમંદિરનું નિર્માણ સોલંકી શાસક ભીમદેવ પ્રથમના શાસનકાળમાં ઈસવીસન 1026-27ની આસપાસ થયું હોવાનું સામાન્ય રીતે માનવામાં આવે છે. એ સમયગાળામાં ગુજરાતમાં સોલંકી સત્તાનો પ્રભાવ હતો અને પશ્ચિમ ભારતમાં સ્થાપત્ય તથા શિલ્પકલાના વિકાસની દૃષ્ટિએ પણ તે મહત્ત્વનો સમય હતો.

મોઢેરાનું સૂર્યમંદિર આ સ્થાપત્ય પરંપરાનું એક ઉત્કૃષ્ટ ઉદાહરણ છે, જેને આજે સામાન્ય રીતે મારુ-ગુર્જર શૈલીના વિકાસના સંદર્ભમાં જોવામાં આવે છે. મંદિર હવે સક્રિય ધાર્મિક કેન્દ્ર નથી અને ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણ દ્વારા આરક્ષિત છે. યુનેસ્કોના દસ્તાવેજોમાં પણ તે અસાધારણ સ્થાપત્ય અને કલાત્મક મહત્ત્વ ધરાવતા સંકુલ તરીકે દર્જ છે.

પરંતુ મોઢેરાની વિશેષતા એ નથી કે તે બહુ જૂનું છે. ભારતમાં તેનાથી પણ પ્રાચીન મંદિરો અને સ્થાપત્ય અવશેષો જોવા મળે છે. મોઢેરાની વિશિષ્ટતા એ છે કે અહીં મંદિરને માત્ર પૂજા માટેના સ્થળ તરીકે જોવામાં આવ્યું નહોતું. આખું સંકુલ એક વૈચારિક ક્રમમાં વિકસાવવામાં આવ્યું છે, જેમાં સૂર્યકુંડ, સભામંડપ અને ગર્ભગૃહ એકબીજા સાથે સંકળાયેલા છે. મંદિરની સામે આવેલો સૂર્યકુંડ માત્ર પાણી સુધી પહોંચવાનો ઉપાય નથી. તેની આસપાસ આવેલા નાના મંદિરો અને તેની ભૌમિતિક રચના દર્શાવે છે કે જળ, ધાર્મિક વિધિ અને સ્થાપત્યને એક વ્યાપક યોજનાના ભાગરૂપે જોવામાં આવ્યાં હતાં. યુનેસ્કોના દસ્તાવેજ અનુસાર જળાશય, સભામંડપ અને મુખ્ય મંદિર એક સંકલિત સ્થાપત્ય રચના તરીકે કામ કરે છે.

એટલે મોઢેરા આજે પણ મહત્ત્વનું છે. આધુનિક શહેરોમાં આપણે જળવ્યવસ્થા, ધાર્મિક સ્થાપત્ય અને જાહેર સ્થળોના આયોજનને અલગ વિષય ગણીએ છીએ. મોઢેરામાં જળ માત્ર ઉપયોગિતા નહોતું, સ્થાપત્ય માત્ર સૌંદર્ય નહોતું અને ધાર્મિક સંકુલ માત્ર પૂજાનું સ્થળ નહોતું. આ બધાનો એકસાથે વિચાર કરવામાં આવ્યો હતો. તે સમયના સ્થાપત્યવિચારમાં પ્રકૃતિ અને મનુષ્ય વચ્ચેના સંબંધને ગંભીરતાથી જોવામાં આવતો હતો.

ફાયરવોલ
રાજ ગોસ્વામી

સૂર્યમંદિરના કિસ્સામાં ખગોળવિજ્ઞાન અને સ્થાપત્ય વચ્ચેનો સંબંધ ખાસ ધ્યાન ખેંચે છે. મંદિરનું મુખ પૂર્વ તરફ છે અને વિષુવના દિવસોમાં ઊગતા સૂર્યનાં કિરણો મંદિરના આંતરિક ભાગ સુધી પહોંચે છે. તેનું મહત્ત્વ માત્ર એટલું નથી કે પ્રાચીન સ્થાપત્યકારો સૂર્યની દિશા જાણતા હતા. અસલ પ્રશ્ન એ છે કે તેમણે એ જ્ઞાનને સ્થાપત્યમાં કેવી રીતે પરિવર્તિત કર્યું. કોઈ ઈમારતને સૂર્યની ગતિ સાથે આ રીતે સાંકળવા માટે દિશા, કોણ, પ્રકાશ અને સમય વચ્ચેના સંબંધને સમજવો જરૂરી હતો. તે સમયની તકનીકી અને સ્થાપત્યક્ષમતાની આ એક મહત્ત્વપૂર્ણ ઝલક છે.

મંદિરની બીજી મોટી વિશેષતા તેની શિલ્પકલા છે. તેની દીવાલો અને સ્તંભો પર દેવી-દેવતાઓ ઉપરાંત નર્તકો, સંગીતકારો, યોદ્ધાઓ, પ્રાણીઓ, અલંકારો અને માનવજીવનનાં અનેક દૃશ્યો કંડારવામાં આવ્યાં છે.

આવાં બાંધકામો દર્શાવે છે કે રાજ્ય અને સમાજ કેવી રીતે સંસાધનોનું આયોજન કરી શકતા હતા અને શાસકો સ્થાપત્યના માધ્યમથી પોતાની રાજકીય તથા સાંસ્કૃતિક ઓળખ કેવી રીતે વ્યક્ત કરતા હતા. એટલે મોઢેરા આપણને માત્ર તે સમયના ધર્મ વિશે જ નથી જણાવતું; તે તે સમયની સત્તા અને સમાજ વિશે પણ ઘણું કહે છે.

હજાર વર્ષ પહેલાંની દુનિયા અને આજની દુનિયા વચ્ચેનો તફાવત ઘણો મોટો છે, પરંતુ મનુષ્યની કેટલીક મૂળભૂત ચિંતાઓ બદલાઈ નથી. ત્યારે સૂર્ય જીવનનો આધાર હતો અને આજે પણ છે. ત્યારે પાણીના સંરક્ષણ અને ઉપયોગની સમસ્યા હતી અને આજે પણ છે. ત્યારે મનુષ્ય પ્રકૃતિને સમજવા માટે આકાશ તરફ જોતો હતો અને આજે આપણે અંતરીક્ષયાનો તથા વિશાળ દૂરબીનોની મદદથી એ જ બ્રહ્માંડને સમજવાનો પ્રયાસ કરીએ છીએ. તફાવત આપણા સાધનોમાં છે; પ્રશ્નોની સાતત્યતા વધુ રસપ્રદ છે. આ જ કારણ છે કે મોઢેરા આપણને આપણા વર્તમાન વિશે પણ વિચારવા મજબૂર કરે છે. આજે આપણે એવી ટેક્નોલોજી વિકસાવી રહ્યા છીએ જે સૂર્યની ઊર્જાને વીજળીમાં પરિવર્તિત કરી શકે છે. સોલાર એનર્જી હવે માત્ર પર્યાવરણની ચર્ચાનો વિષય રહી નથી; તે ભારતની ઊર્જાનીતિ અને ગ્રામવિકાસનો પણ એક ભાગ બની છે. મોઢેરા ગામ પોતે આધુનિક ભારતમાં સૌર ઊર્જાના ઉપયોગનું એક નોંધપાત્ર ઉદાહરણ બની ગયું છે.

આ પરિવર્તન પોતે એક મહત્ત્વની સાંસ્કૃતિક-સભ્યતાગત કહાની છે. મનુષ્ય પ્રકૃતિથી દૂર થયો નથી; તેણે પ્રકૃતિ સાથેના પોતાના સંબંધનો અર્થ બદલ્યો છે. પહેલાં સૂર્યને દેવતા તરીકે સમજવામાં આવ્યો, પછી તેને વૈજ્ઞાનિક અભ્યાસનો વિષય બનાવવામાં આવ્યો અને હવે તેની ઊર્જાને તકનીકી સંસાધનમાં પરિવર્તિત કરવામાં આવી રહી છે. આ ત્રણેય દૃષ્ટિકોણો જુદા છે, પરંતુ તેની પાછળ રહેલી માનવીય જિજ્ઞાસા એક જ છેઃ જીવનને પ્રભાવિત કરતી કુદરતી શક્તિઓને આપણે સમજવા માગીએ છીએ અને તેમની સાથેનો આપણો સંબંધ નક્કી કરવા માગીએ છીએ.

જે લોકોએ આ મંદિર બનાવ્યું હતું, તેમના માટે તે કદાચ તેમના વર્તમાનનો એક ભાગ હતું. તેમને ખબર નહોતી કે એક હજાર વર્ષ પછી લોકો તેમના કામને જોઈને તેમના વિશે અનુમાન કરશે. આ જ રીતે આપણે પણ આપણા વર્તમાનમાં જે શહેરો, ઈમારતો, રસ્તાઓ અને સંસ્થાઓ ઊભી કરી રહ્યા છીએ, તે ભવિષ્યની પેઢીઓ માટે આપણા સમયના દસ્તાવેજ બની શકે છે. પ્રશ્ન એટલો જ છે કે તેઓ આપણા વિશે શું કહેશે?



**શું આવનારી પેઢીઓ આપણા સમયને માત્ર ઉપભોગ અને ઝડપના યુગ તરીકે જોશે, કે એવા સમય તરીકે પણ જોશે જેમાં મનુષ્યે પ્રકૃતિ, ટેક્નોલોજી અને પોતાના અસ્તિત્વ વચ્ચે વધુ સારો સમતોલન શોધવાનો પ્રયાસ કર્યો હતો?**

શું તેઓ કહેશે કે એ લોકોએ માત્ર વધુ ઊંચી અને વધુ ચમકદાર ઈમારતો ઊભી કરી હતી, કે પછી એ પણ કહેશે કે તેમણે અમારા સમયની સમસ્યાઓ વિશે ગંભીરતાથી વિચાર્યું હતું? શું આપણાં બાંધકામો માત્ર આપણી આર્થિક ક્ષમતાના પુરાવા હશે, કે તેમાં આપણી સાંસ્કૃતિક કલ્પનાશક્તિ પણ જોવા મળશે? શું આવનારી પેઢીઓ આપણા સમયને માત્ર ઉપભોગ અને ઝડપના યુગ તરીકે જોશે, કે એવા સમય તરીકે પણ જોશે જેમાં મનુષ્યે પ્રકૃતિ, ટેક્નોલોજી અને પોતાના અસ્તિત્વ વચ્ચે વધુ સારો સમતોલન શોધવાનો પ્રયાસ કર્યો હતો?


મોઢેરા આ પ્રશ્નોના જવાબ આપતું નથી, પરંતુ પ્રશ્નો પૂછવાની ક્ષમતા ચોક્કસપણે ધરાવે છે. કદાચ કોઈ ઐતિહાસિક સ્મારકની સૌથી મોટી ઉપયોગિતા એ જ હોય છે. તે આપણને માત્ર ભૂતકાળમાં લઈ જતું નથી, પરંતુ વર્તમાનને એક અલગ દૃષ્ટિથી જોવાની તક આપે છે.

એક હજાર વર્ષ પછી પણ મોઢેરામાં સૂર્ય ઊગે છે. આ વાત પોતે કોઈ ચમત્કાર નથી; સૂર્ય તો પૃથ્વી પર દરરોજ ઊગે છે. અસાધારણ વાત એ છે કે એક હજાર વર્ષ પહેલાં મનુષ્યે આ નિયમિત કુદરતી ઘટનાને એટલી મહત્ત્વપૂર્ણ માની કે તેના માટે એક સમગ્ર સ્થાપત્યસૃષ્ટિ ઊભી કરી. એ સ્થાપત્યસૃષ્ટિ આજે પણ આપણને વિચારવા માટે મજબૂર કરે છે કે પ્રકૃતિ, કલા, સત્તા, જ્ઞાન અને માનવજીવન વચ્ચેનો સંબંધ આખરે કેટલો ગહન છે.

# કપડાં અને સંસ્કૃતિ

ભારતમાં સ્ત્રીઓ સાથેનો દુર્વ્યવહાર કે તેમની સાથેનો અન્યાય નહીં, સ્ત્રીઓનાં કપડાં સભ્યતા અને સંસ્કારની ચિંતા પ્રગટાવે છે. દેશની, ધર્મની અને સમાજની ઈજ્જત-આબરૂ સ્ત્રીઓએ તેમનાં લાંબાં કપડાં તળે સાચવવાની ફરજ સ્ત્રીઓના માથે છે. બલકે એ જ તેમની મુખ્ય જવાબદારી અને તેમના અસ્તિત્વની સાર્થકતા છે એવું ઘણાંને લાગે છે. સ્ત્રીની જાતીયતા જ તેનું સર્વસ્વ છે, એ માન્યતા પણ અત્યંત લોકપ્રિય છે અને સ્વાભાવિક રીતે જ તેને લોકપ્રિય બનાવવામાં પુરુષોનો ફાળો સૌથી મોટો છે.

થોડા સમય પહેલાં યુવતીઓએ અપશબ્દો દ્વારા



સરકાર પ્રત્યેનો રોષ ઠાલવ્યો, ત્યારે વડા પ્રધાન જેવા પ્રધાન પણ હેબતાઈ ગયા. સામાન્ય રીતે એવું બનતું નથી. બળાત્કારીઓને છાશવારે મળતા જામીન સામાન્ય ઘટના છે. બળાત્કારની સજા ભોગવ્યા પછી થોડાં વર્ષની સજામાફી લઈ આવનારાને હારતોરા પહેરાવે છે. છોકરીઓનું આક્રમક સ્વરૂપ જોઈને તેમને સંસ્કાર-સભ્યતાની ચિંતા થઈ આવી.

બોલ્યું-ચાલ્યું માફ
ઉર્વિશ કોઠારી

છોકરીઓથી અપશબ્દો શી રીતે બોલાય? ને ટૂંકાં કપડાં તો પહેરાય જ કેમ? તેમણે લાજશરમ, સભ્યતાસંસ્કૃતિ, ધર્મસમાજ, રીતરિવાજોનો તો ખ્યાલ કરવો જોઈએ કે નહીં? બીજા ન કરે એટલે એમણે પણ નહીં કરવાનો?–આવું કેટલાકને લાગે છે.

સ્ત્રીએ શું પહેરવું અને ખાસ તો શું ન પહેરવું–એ બહુ તકરારી મુદ્દો છે. સારું છે કે હિંદુ સંગઠનો વારેતહેવારે સડકછાપ ગુંડાગીરી દ્વારા જ મહાન હિંદુ સંસ્કૃતિને નષ્ટ થતી બચાવી લે છે. બાકી, એ માટે તેમને વિશ્વયુદ્ધ કરવાનું આવે તો તે કદાચ સ્ત્રીઓના પહેરવેશના મુદ્દે જ વિશ્વયુદ્ધ છેડી બેસે. સ્ત્રીઓનાં વસ્ત્રો બાબતે એ લોકો સતત હાલકડોલક અને ઘડીમાં ઊથલી પડે એવી મનોદશામાં રહે છે પણ તેમને એવું લાગે છે કે સ્ત્રીઓનાં વસ્ત્રોનો મુદ્દો પોતે બહુ નાજુક છે. તેમને એ ખ્યાલ નથી આવતો કે તેમના પગ નીચેની જમીન હાલકડોલક હોવાથી તેમને દુનિયા અસ્થિર, નાજુક અને ખતરામાં લાગે છે. બાકી એ સ્થિર જ છે.

સ્ત્રીઓએ શું પહેરવું જોઈએ અને સ્ત્રીઓ શું પહેરે તો તે સભ્ય કહેવાય, એ વિવાદાસ્પદ મુદ્દો બનવાનું એક મુખ્ય કારણ એ કે વિવાદ કરનારા મુખ્યત્વે પુરુષો હોય છે. તે ગંજી ઊંચી કરીને વલૂરતાં વલૂરતાં કે લુંગીનો કછોટો વાળીને કે ચડ્ડાની ઉકલેલી સિલાઈનો દોરો રમાડતાં રમાડતાં કહી શકે છે કે "જોને, આણે કેવું પહેર્યું છે? છે કશી લાજશરમ?" પરંતુ આવાં વિધાનો ચોક્સાઈ નિરપેક્ષ છે. તે સાંભળીને સ્ત્રીના પોશાક વિશે ધારણા બાંધનાર ખોટો પડે એવી સંભાવના ઘણી હોય છે એટલે કે સ્ત્રીનાં કયાં કપડાં જોઈને સભ્યતા અને સંસ્કૃતિના રક્ષણહારોએ હતાશામિશ્રિત રોષના ઉદગાર કાઢ્યા હશે, એ કહી શકાતું નથી કારણ કે સ્ત્રી ગમે તે પહેરે તો પણ આ વિધાન તેમને લાગુ પાડી શકાય છે. તેમાં સવાલ પહેરનારનો નહીં, પહેરનારને જોનારનો છે. જોનાર પોતાનાં ચર્મચક્ષુ વડે જે દેખાય છે તે, પણ 'દિવ્ય ચક્ષુ' વડે તે સિવાયનું પણ જોવા-કલ્પવાની કોશિશ કરીને ચિત્કારી શકે છે,"અરે, જુઓને, આણે કેવું પહેર્યું છે?"

સંસ્કૃતિરક્ષણનો ભાર માથે લઈને ફરતા ને છેલ્લાં વર્ષોમાં 'સનાતન'નો પોપટિયો જાપ કરતા લોકોમાંથી ઘણા, ખાસ કરીને પુરુષો, પોતાને હંમેશાં વાર્તામાં આવતા વિશ્વામિત્ર તરીકે કલ્પે છે અને તેમને લાગે છે કે તેમની આસપાસ મેનકાઓનો મેળો ભરાયો છે. તેમના પોતાના સંયમનું પાત્ર એટલું નાનું હોય છે કે સ્ત્રી કોઈ પણ વસ્ત્રો પહેરે તો તે પાત્ર છલકાઈ શકે. મૂળ પ્રશ્ન તે પાત્રની મર્યાદાનો છે. તે છલકાવા આતુર જ હોય છે, પણ એવું સ્વીકારવાને બદલે પુરુષો માને છે કે સ્ત્રીઓ અસભ્ય વસ્ત્રો વડે તેમના જ નહીં, આખા સમાજના સંયમનું સંતુલન બગાડી નાખે છે.

**પુરુષો પોતાને હંમેશાં વાર્તામાં આવતા વિશ્વામિત્ર તરીકે કલ્પે છે અને તેમને લાગે છે કે તેમની આસપાસ મેનકાઓનો મેળો ભરાયો છે. તેમના પોતાના સંયમનું પાત્ર એટલું નાનું હોય છે કે સ્ત્રી કોઈ પણ વસ્ત્રો પહેરે તો તે પાત્ર છલકાઈ શકે. મૂળ પ્રશ્ન તે પાત્રની મર્યાદાનો છે. તે છલકાવા આતુર જ હોય છે**

સ્ત્રી સાડી પહેરે કે દ્વિવસ્ત્રો, તે લાંબાં કપડાં પહેરે કે ટૂંકાં, સંસ્કૃતિરક્ષણનાં ભાર-ખાનાં તેમને હંમેશાં સામેથી ધસમસતી આવતી ટ્રેન તરીકે જ કલ્પે છે, જેનો એકમાત્ર ઉદ્દેશ તેમને પાટા પરથી ઉથલાવી દેવાનો હોય. સ્ત્રી કોઈ પણ વસ્ત્રો પહેરે, છતાં સામેના પાટા પરથી તે હેમખેમ પસાર થઈ જાય ને આપણા પાટા પરથી આપણે સીધેસીધા પસાર થઈ જઈએ–એવી સામાન્ય પરિસ્થિતિ સંસ્કૃતિરક્ષણના કોર્સમાં કલ્પવામાં કે શીખવવામાં આવતી નથી. પરિણામે, સંસ્કૃતિરક્ષણ દરજીકાર્ય બની જાય છે, જેમાં સતત સ્ત્રીએ કયા માપનું શું પહેર્યું ને તે સંસ્કૃતિરક્ષણ માટે જરૂરી માપ કરતાં કેટલા ઈંચ ટૂંકું હતું, તે જ નક્કી કરવાનું બાકી રહે છે.

સંસ્કૃતિરક્ષણનો ભાર લઈને ફરતા લોકોના મનમાં એક વાત નક્કી હોય છે- આખા મામલામાં જો કોઈએ કંઈ કરવાનું હોય તો એ સ્ત્રીઓએ કરવાનું છે. આ વસ્તુ છોકરીઓના મનમાં ઠસાવવા માટે પરંપરા અને સંસ્કૃતિથી માંડીને ધર્મ અને છેવટે 'તને તો ખબર છે ને, અત્યારે કેવો સમય ચાલે છે'–સુધીની સમજાવટો હાથવગી હોય છે. બળાત્કારનો ભોગ બનેલી સ્ત્રીએ ટૂંકાં વસ્ત્રો પહેર્યાં હોય તો સંસ્કૃતિરક્ષકોમાંથી ઘણાના મતે તે એને લાયક થઈ જાય છે. એટલે જ, આવી 'સંસ્કૃતિ'નું રટણ બહુ ચાલે અને કોઈ સ્ત્રીને ગુસ્સો ચડે-તે કહેવાતા સંસ્કૃતિરક્ષકોના ચહેરા પરનો ઠાવકાઈનો નકાબ ચીરી નાખે ત્યારે અંદરથી શું નીકળે છે? સંસ્કૃતિચિંતા? ના, બિલકુલ નહીં. અંદરથી નીકળે છે સંસ્કૃતિનો મેક-અપ કરેલી પેટ્રિઆર્કી-પુરુષજમાદારી.

## ઈશિતાનું અલકમલક

### થોડોસો બેવકૂફી મહા ભારે પડી

કેટલાક અપરાધી પોલીસે પણ ધાર્યા ન હોય એવા સ્માર્ટ - ચાલાક હોય છે. અપરાધ કરતાં પહેલાં તો કોઈ વાર ગુનો કરી લીધા પછી પણ એવી ચાલ ખેલે કે કાયદાના રક્ષકો પણ ખત્તા ખાઈ જાય. ક્યારેક એવું પણ થાય કે ગુનેગારે અગાઉથી વિચારી રાખેલા પ્લાન મુજબ જ એ એના દાવ રમે પણ અકળ કુદરતમાં મનમાં કઈક બીજું હોય એમાં કુશળ અપરાધીની યોજના પાનાંના મહેલની જેમ તૂટી પડે. તાજેતરમાં એક બળાત્કાર કેસનો કંઈક અજીબ રીતે ઉકેલ આવા ગયો. પૂરી જાણવા 'ઈશિતા'ની સાથે તમારે થોડા ફ્લેશબેકમાં જવું પડશે. છ એક વર્ષ પહેલાં મીના (બદલેલું નામ)-ને પતિ સાથે કશોક વિખવાદ થયો. એ ગુસ્સામાં પોતાનું ઘર છોડીને નીકળી ગઈ. એ વખતે એની મુલાકાત આનંદ (નામ બદલ્યું છે) નામના એક યુવાન સાથે થઈ. એ કોઈ ખાનગી બસનો ડ્રાઈવર હતો. પેલી મહિલાને મુંબઈ નજીકના કોઈ ગામમાં આવેલા પોતાના પિયર જવું હતું. એણે આનંદને પોતાની કથની કહી. આનંદે એને ધરપત આપી કે એ મહિલાને એના પિયર પહોંચાડી દેશે. પેલીને પોતાની બસમાં બેસાડી. રસ્તામાં ઘેનની દવા ભેળવેલું ઠંડું પીણું આપીને એને બેહોશ કરી. પછી એના પર બળાત્કાર કરીને આનંદ બસ છોડીને ક્યાંક નાસી ગયો. મીનાએ હોશમાં આવીને મુંબઈ પોલીસમાં ફરિયાદ નોંધાવી. પોલીસે બસ કંપનીના માલિક પાસેથી આનંદનો ફોટો તેમજ આનંદના મિત્રો પાસેથી માહિતી મેળવી કે એ મૂળ આસામનો હતો. એના પરિવાર તરફથી કોઈ ખાસ વિગતો ન મળી. સમય વીતતો ગયો. આનંદનો કોઈ અત્તોપત્તો ન હતો. એ દરમિયાન પોલીસે નોંધ્યું કે પરિવારવાળા પર એક ચોક્કસ નંબર પરથી ક્યારેક ફોન આવતા હતા. એ નંબર પર પોલીસે ધ્યાન કેન્દ્રિત કર્યું. એ નંબરના વોટ્સએપ DP પર કોઈ ફોટો ન હતો. થોડા દિવસ પછી પેલા નંબરના વોટસએપ DP પર એક ફોટો પ્રગટ્યો. શાહરુખ ખાનની અદામાં હાથ પહોળા કરેલો એ મોબાઈલ DP ફોટો આનંદનો હતો! પત્યું પોલીસને જોઈતું પગેરું મળી ગયું. ગણત્રીના દિવસોમા પોલીસે મૈસુરની એક બસ કંપનીમાં નામ-ઠામ બદલીને નોકરી કરતા બળાત્કારી આનંદને મુંબઈ કોર્ટમાં હાજર કરી દીધો ક્યારેક પોતાના ગમતીલા ફિલ્મ સ્ટારની સ્ટાઈલમાં ફોટો પડાવી પોતાનો ફોટો ગામને દેખાડવાનો મોહ આ રીતે ભારે પડી જતો હોય છે!



### મળો, આ મહા દાનેશ્વરી લેડી કર્ણને....

વેરમાં દીર્ઘદૃષ્ટિ નથી હોતી... આવું ભલે મહાન સેનાની નેપોલિયન બોનાપાર્ટે કહ્યું, પરંતુ આ વિધાન દર વખતે ખરું ઊતરે એ જરુરી નથી હોતું. પોતાને થયેલા અન્યાયની વ્યવસ્થિત દાઝ ઉતારવી એ પણ એક પ્રકારનું વેર જ છે. આ કિસ્સો જાણો. એક ઢળતી સાંજે અમેરિકાનાં પાંચ પ્રમુખ શહેરના વિવિધ સ્થળે લગભગ ૧૫-૧૫ મિનિટના અંતરે લગભગ સરખા જ શબ્દોમાં એક મેસેજ ફોન પર પહોંચાડમાં આવ્યોઃ ગુડ ઈવનિંગ, હું મેડમ મેકેન્જી સ્કોટનો પ્રતિનિધિ બોલી રહ્યો છું.. અમારા મેડમને આપની સંસ્થાનું સેવા-કાર્ય બહુ ગમ્યું છે એટલે આપની સંસ્થાને આવાં વધુ કાર્યનુ પ્રોત્સાહન મળે એ માટે મેડમ તરફથી ૩ મિલિયન ડોલરની ચેરિટી- દાન ટૂંક સમયમાં રવાના થશે. વધુ વિગત ઈ-મેલ દ્વારા. એ સાંજે ન્યુ યોર્ક-શિકાગો-લોસ અન્જલ્સ્-હ્યુસ્ટન-ફિલાડેલફિયા જેવાં પાંચ શહેરની મહિલાના જ ઉત્કર્ષ માટે સેવાકાર્ય કરતી સંસ્થાઓના કર્તા-હર્તાઓ તો મેડમ મેકેન્જીનો આવા જંગી દાનનો સંદેશો મળતા જ ઊછળી પડ્યા. એ પછી તો આવી અનેક નામી-અનામી સંસ્થાઓને એમનાં સ્ત્રીભાવી સેવાકાર્યોને બિરદાવતાં દાન મળવા માંડ્યાં. એ સંસ્થાઓને મદદરૂપ થતી મેડમ મેકેન્જી સ્કોટનું નામ આપણા માટે અજાણ્યું છે એટલે તમે એને જરા બીજી રીતે ઓળખી લો. તમે તો વિશ્વના સૌથી મોટા શ્રીમંતની યાદીમાં આવતા 'એમેઝોન'ના માલિક એવા જૈફ બીઝોસને નામથી ઓળખતા જ હશો. સાતેક વર્ષ પહેલાં એના ડીવોર્સ થયા. જેની સાથે એના ડીવોર્સ થયા એ મહિલા એટલે આ મેકેન્જી સ્કોટ! અનેક પ્રકારના વાંધા-વચકા (ખાસ કરીને અબજોપતિ એવા એ પતિનો કંજુસ સ્વભાવ!) પછી એ બન્ને લગ્નબંધનથી છુટ્ટાં પડ્યાં બાદ પત્ની મેકેન્જી સ્કોટને ભરણપોષણની રકમ રૂપે જે 'એમેઝોન'ના શેર્સ મળ્યાં હતા એની ત્યારે કિંમત હતી ૩૮ બિલિયન ડોલર, જે આજે વધીને થઈ છે ૫૭ બિલિયન ડોલર! (૧ ડોલર = આશરે ૯૫ રૂપિયા પ્લીઝ્, બાકીનું તમે ગણી કાઢો!). ડીવોર્સેની મળેલી રકમમાંથી આ લેડી સ્કોટે પ્રથમ છ મહિનામાં એક જ સપાટે એક સામટા ૬ અબજ ડોલરનું ૨૦૦થી વધુ સંસ્થાઓને દાન કરી નાખ્યું હતું.. અને જે ઝડપે આજ સુધીમાં એણે ૨૬ અબજ ડોલરની જંગી રકમનું દાન કરી દીધું છે! એને લીધે જગતભરમાં દાનધરમ્- ફન્ડ્ફાળા-ચેરિટી સુધ્ધાંની વ્યાખ્યા પલટાઈ ગઈ છે. આજની આ 'લેડી કર્ણ'ની સરખામણીએ તો 'મહાભારત' કથાના મૂળ દાનવીર કર્ણને ઈર્ષા જાગે અને જગતના બહુ પ્રસિદ્ધ એવા અનેક ડોનેસન-વીર પણ આજે 'ગરીબ-વામણા' લાગે છે.. બીજી નવાઈની વાત એ છે કે જંગી રકમના દાન-ડોનેસન આપતી વિશ્વની જાણીતી સંસ્થાઓની જેમ આ મહિલા મોટી ઓફિસો કે લાંબો-પહોળો સ્ટાફ પણ નથી રાખતી. એની પ્રવૃતિની લોકોને જાણ કરવા કે આપેલા દાનની હો-હા કરવા નથી એની કોઈ વેબસાઈટ કે જાહેરાતોનું કોઈ પ્રસાર માધ્યમ.. આ 'મીસ મહા દાનેશ્વરી લેડી' તો માત્ર એટલું જ ઈચ્છે છે કે એના ભૂતપૂર્વ કંજૂસ પતિ પાસેથી એલિમનિરૂપે મળેલા 'એમેઝોન'ના શેર્સની કિંમત દિવસ-રાત વધતી જ જાય, જેથી એ વધુ ને વધુ દાન કરી શકે ને વધુ તીવ્રતાથી એ પોતાનું વેર વાળી શકે.!



મેકેન્જી સ્કોટ

### એક નહીં, સાત સવાલ હમ કરે

એક જમાનો એવો હતો કે માતા-પિતા કે દાદા-દાદી જે વાત કહે એને બાળક આંખ મીંચીને માની લેતું. હવે બદલાતા સમય સાથે સિનારિયો પલટાયો છે. તાજેતરમાં થયેલા એક સંશોધનનાં તારણ કહે છે કે ૭-૮ વર્ષનું બાળક એના વડીલની વાત તરત માની લેતું નથી..' ટોરેન્ટો તથા હાર્વર્ડ યુનિવર્સિટી'ની સંશોધન ટીમ કહે છે કે જ્યારે પણ એની સામે કોઈ વિરોધાભાસી વાત થાય ત્યારે એ શંકાવ્યક્ત કરે છે. સામા સવાલ કરે છે. પોતાનાં મમ્મી-પપ્પાને અઠવાડિયામાં સરેરાશ ૨૦૦ જેટલાં સવાલ પૂછે છે. દરેક નવી વાત - ખાસ કરીને પ્રાણીઓ વિશે જાણવા એ વધુ ઉત્સુક હોય છે.



### ઈશિતાનું ઈત્યાદિ...ઈત્યાદિ

- ગુજરાતના જૈનતીર્થ ધામ પાલિતાણામાં વિક્રમસર્જક ૧૦૦૦થી વધુ દેરાસર છે. આવો જ રેકોર્ડ ઈટાલીનું ઐતિહાસિક પાટનગર રોમ ધરાવે છે. ત્યાં આશરે ૯૦૦ જેટલાં ચર્ચ છે. એટલું જ નહીં, શિલ્પકળાના અદભુત પ્રતીકસમા ૨ હજારથી વધુ ફુવારા પણ રોમ ધરાવે છે.
- દક્ષિણ પૂર્વ યુરોપમાં આવેલો દેશ ક્રોએશિયામાં હિલટોપ ટાઉન તરીકે ઓળખાતું 'હમ' નામનું એક શહેર છે. આ વિશ્વનું સૌથી નાનું ઐતિહાસિક નગર ગણાય છે. ૧૦૦ મીટર લંબાઈ ને માંડ ૩૦ મીટર પહોળાઈમાં પથરાયેલા આ નગરમાં બે જ જાહેર રસ્તા છે અને અહીંની વસતિ છે માત્ર ૩૦ લોકોની!

### ઈશિતાની એલચી

**શંકા એક એવો પડછાયો છે, જે સૂર્યાસ્ત પછી અંધારામાં પણ તમારો પીછો નથી છોડતો...!**